# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## <u>જાહેરાત ક્રમાંક : ૩૨૮/૨૦૨૨૫૨૬, ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગ–૩ સંવર્ગના</u>

## <u>ઉમેદવારો માટે અગત્યની સૂચના</u>

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના કમિશ્નરશ્રી આરોગ્ય (ગ્રામ્ય)ની કચેરી હેઠળના જાહેર આરોગ્ય પ્રભાગ હસ્તકના પેરામેડિકલ સંવર્ગના ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગ–૩ સંવર્ગની કુલ–૧૩૮ જગાઓ સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે સીધી ભરતીથી ભરવા માટે તા.૦૬/૧૨/૨૦૨૫ના રોજ મંડળની વેબસાઈટ પર જાહેરાત પ્રસિદ્ધ કરી, ઉમેદવારો પાસેથી **https://ojas.gujarat.gov.in** પર **તા.૦૯/૧૨/૨૦૨૫** (૧૪:૦૦ કલાક) **થી તા.૨૩/૧૨/૨૦૨૫** (સમય રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન–લાઈન અરજી મંગાવવામાં આવેલ.

પ્રસ્તુત જાહેરાતમાં શૈક્ષણિક લાયકાતની વિગતોમાં ઉમેદવાર Indian Association of Physiotherapist અથવા ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝિયોથેરાપીસ્ટનું રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈશે તેમ દર્શાવેલ છે.

આ સંદર્ભે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તેઓના તા.૧૧/૧૨/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝિયોથેરાપીસ્ટ ને તા.૦૧/૦૩/૨૦૨૫ના એક્ટથી રીપિલ કરવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં **જે ઉમેદવારોનું ઉપરોક્ત સંસ્થામાં રજીસ્ટ્રેશન થયેલ ન હોય તેવા ઉમેદવારો પણ આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.**

ઉક્ત **ઓન–લાઈન અરજી કરવા માટેના સમયગાળામાં વધારો કરીને હવે તા.૧૫/૦૧/૨૦૨૬ (સમય રાત્રિના ૧૧:૫૯ કલાક) સુધી લંબાવવામાં આવે છે.** ઉમેદવાર ફી **તા.૧૭/૦૧/૨૦૨૬** (સમય રાત્રિના ૧૧:૫૯ કલાક) સુધી ઓન–લાઈન ભરી શકાશે.

મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૧૫/૧૨/૨૦૨૫

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર